


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 032
Dt.: 06-12-2025, Saturday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### પ્રવાસન, હેલ્થકેયર, ખાદ્ય સુરક્ષા, યુરિયા ઉત્પાદન જેવા ક્ષેત્રોને આવરી લેવાયા

# ભારત અને રશિયા વચ્ચે ૭ કરાર પર હસ્તાક્ષરની જાહેરાત

## રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું હતું કે, "અમારો વેપાર રુબેલ્સ અને રૂપિયામાં થાય છે, અમે મેક ઈન ઈન્ડિયામાં સહયોગ કરીશું


(SSS) નવી દિલ્હી

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનની ભારત મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પુતિને સંયુક્ત પત્રકાર પરિષદ યોજીને દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવા માટે ૭ મહત્ત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષરની જાહેરાત કરી હતી. આ કરારોમાં પ્રવાસન, હેલ્થકેયર, ખાદ્ય સુરક્ષા, યુરિયા ઉત્પાદન જેવા ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે. વડાપ્રધાન મોદીએ જાહેરાત કરી છે કે રશિયાના પ્રવાસીઓને ભારત મફત ઈ-ટુરિસ્ટ વિઝા આપશે જે ૩૦ દિવસ માટે માન્ય ગણાશે.

ફર્ટિલાઈઝર અંગેના કરારને ભારત માટે મોટો ફાયદો માનવામાં આવે છે. આ કરાર હેઠળ, ભારત અને રશિયા સંયુક્ત રીતે યુરિયાનું ઉત્પાદન કરશે. ભારત હાલમાં રશિયા પાસેથી મોટા પાયે યુરિયાની આયાત કરે છે. સંયુક્ત ઉત્પાદન શરુ થવાથી ભારતને યુરિયાની આયાત પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળશે.

ભારતીય શ્રમિકો માટે આ કરાર ખૂબ સારા સમાચાર છે. આનાથી ભારતીય શ્રમિકો વ્યવસ્થિત રીતે રશિયા મુસાફરી કરી શકશે અને વધુ સારા પગાર મેળવી શકશે. યુરોપિયન દેશોમાં નિયમો કડક થતાં આ કરાર મહત્ત્વપૂર્ણ બન્યો છે. વડાપ્રધાન મોદીએ રશિયાના લોકો માટે એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી કે ભારતે રશિયનો માટે મફત ઈ-ટૂરિસ્ટ વિઝા શરુ કર્યા છે, જે ૩૦ દિવસ માટે માન્ય રહેશે. નોંધનીય છે કે, કેનેડા અને યુકે જેવા યુરોપિયન દેશોમાં વધતા કડક સ્થળાંતર નિયમો વચ્ચે આ કરાર રાહત પૂરી પાડે છે.

પુતિન સાથેની બેઠકમાં યુક્રેન સંકટ પર વાત કરતાં વડાપ્રધાન મોદીએ કહ્યું, કે યુક્રેન મુદ્દે આપણી વચ્ચે સતત ચર્ચા થતી રહે છે. એક સાચા મિત્રના રૂપે તમે પણ તમામ ઘટનાઓથી અમને પરિચિત કર્યા. મને વિશ્વાસ છે કે વિશ્વ ફરી શાંતિના માર્ગ પર પરત ફરશે. પાછલા દિવસોમાં જ્યારે પણ મારી દુનિયાના નેતાઓ સાથે વાત થઈ ત્યારે મેં વારંવાર કહ્યું છે કે ભારત ન્યૂટ્રલ ( તટસ્થ ) નથી, ભારત શાંતિના પક્ષમાં છે. શાંતિના તમામ પ્રયાસોમાં અમે તમારી સાથે ખભેથી ખભો મિલાવીને



ઊભા છીએ. વિશ્વએ કોવિડથી લઈને અત્યાર સુધી ઘણા સંકટ જોયા છે, આશા છે કે હવે પ્રગતિની રાહ પર આગળ વધશે. જેના જવાબમાં પુતિને પણ કહ્યું કે, રશિયા પણ શાંતિના જ પક્ષમાં છે. યુક્રેન સંઘર્ષ પર વાતચીત ચાલી રહી છે અને હું તમને આ વિષય અંગે સમય સમય પર અપડેટ આપતો રહીશ.

પુતિન સાથેની દ્વિપક્ષીય બેઠકમાં વડાપ્રધાન મોદીએ કહ્યું, કે ૨૦૦૧માં તમે પદ સંભાળ્યું અને પહેલીવાર ભારત આવ્યા હતા, તે વાતને ૨૫ વર્ષ થઈ ગયા. તે પહેલી ભારત મુલાકાતમાં તમે બંને દેશો વચ્ચેના મજબૂત સંબંધોનો પાયો નાંખ્યો હતો. મારા માટે પણ ખુશીની વાત છે કે તમારા અને મારા સંબંધોને પણ ૨૫ વર્ષ થયા. તમે ૨૦૦૧માં જે ભૂમિકા નિભાવી તે એક દીર્ઘદ્રષ્ટા નેતાનું ઉત્તમ ઉદાહરણ છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે, "અમારો વેપાર રુબેલ્સ અને રૂપિયામાં થાય છે. અમે મેક ઈન ઈન્ડિયામાં સહયોગ કરીશું. અમે નવા લોજિસ્ટિક્સ રૂટ બનાવવા અંગે પણ ચર્ચા કરી રહ્યા છીએ. હિંદ મહાસાગર માર્ગનો ઉપયોગ કરવા અંગે ચર્ચા ચાલી રહી છે. અમે મશીન ઉત્પાદનમાં સહયોગ કરવા તૈયાર છીએ. અમે મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમમાં પણ સહયોગ કરવા તૈયાર છીએ, જે પીએમ નરેન્દ્ર મોદીના હૃદયની નજીક છે." પુતિને વધુમાં જણાવ્યું કે, પીએમ મોદી અને મેં વાત કરી છે. અમે ટેલિફોન દ્વારા ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવાનું ચાલુ રાખીએ છીએ. રશિયા અને ભારત વચ્ચેના સંબંધો ખૂબ જ મજબૂત છે. અમારા સંબંધો આર્થિક સહિત દરેક જગ્યાએ મજબૂત થઈ રહ્યા છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે, "હું રશિયન પ્રતિનિધિમંડળના ઉષ્માભર્યા અને આતિથ્યપૂર્ણ સ્વાગત માટે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને અમારા બધા ભારતીય સાથીઓનો આભાર માનું છું. ગઈકાલે, પીએમ મોદીએ તેમના ઘરે રાત્રિભોજનનું આયોજન કર્યું હતું, અને હું તે માટે તેમનો આભાર માનું છું." પીએમ મોદીએ કહ્યું કે, "દશકોથી, બંને દેશોના લોકો પરસ્પર સ્નેહ, આદર અને આત્મીયતાની ભાવના ધરાવે છે. તાજેતરમાં, બે નવા રશિયન-ભારતીય કોન્સ્યુલેટ ખોલવામાં આવ્યા છે, જે આપણી નિકટતાને મજબૂત બનાવશે. આ વર્ષે ઓક્ટોબરમાં, લાખો યાત્રાળુઓએ કાલ્મીકિયામાં ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોની મુલાકાત લીધી હતી. અમે રશિયન નાગરિકો માટે ૩૦-દિવસના ઈ-ટૂરિસ્ટ વિઝા અને ૩૦-દિવસના ગ્રુપ ઈ-વિઝા રજૂ કરી રહ્યા છીએ."

### આ નિર્ણય EMI ચૂકવનારાઓ માટે મોટી રાહત છે

# હોમ લોન થશે સસ્તી, EMI ઘટશે, RBIએ વ્યાજ દર ૦.૨૫% ઘટાડ્યો

## નવા દરો લાગુ થયા પછી હોમ, ઓટો અને પર્સનલ લોન સસ્તી થશે

(SSS) નવી દિલ્હી

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (FY2025-26) ની પાંચમી RBI MPC બેઠકનું પરિણામ આવી ગયું છે. છેલ્લી બે બેઠકમાં રિઝર્વ બેંકે રેપો રેટ યથાવત રાખ્યો હતો, તેવામાં લોકોની નજર આ બેઠક પર ટકેલી હતી. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ આજે બેઠકના પરિણામની જાહેરાત કરતા રેપો રેટમાં ઘટાડો કરવાના શુભ સમાચાર આપ્યા છે. રિઝર્વ બેંકે રેપો રેટમાં ૦.૨૫% નો ઘટાડો કરવાની જાહેરાત કરી છે. આ સાથે રેપો રેટ હવે ૫.૫૦% થી થઈ ૫.૨૫ થઈ ગયો છે. મહત્વનું છે કે આ પહેલા ફેબ્રુઆરીથી જૂન સુધી આરબીઆઈએ સતત રેપો રેટમાં ઘટાડો કર્યો હતો. આ ત્રણ બેઠકોમાં કેન્દ્રીય બેંકે ૧ ટકા સુધી રેપો રેટ ઘટાડ્યો હતો. ત્યારબાદ ઓગસ્ટ અને સપ્ટેમ્બર-ઓક્ટોબરની બેઠકમાં વ્યાજદર યથાવત રાખવામાં આવ્યા હતા. રેપો રેટ એ દર છે જેના પર બેંકો RBI પાસેથી ઉધાર લે છે. જો RBI રેપો રેટમાં વધારો કરે છે, તો બેંકોનું ઉધાર વધુ મોંઘુ થઈ જાય છે, અને તેઓ ગ્રાહકોને ઊંચા દરે ધિરાણ પણ આપે છે. જો કે, જો રેપો રેટ ઘટે છે, તો ગ્રાહકો માટે બેંક લોન પરનો વ્યાજ દર પણ ઘટે છે. આ તમારા EMI પર અસર કરે છે. વધુમાં, રેપો રેટમાં ફેરફાર બેંક થાપણો (FD, RD) પરના વ્યાજ દરોને પણ અસર કરે છે. છેલ્લા બે મહિનાની નીતિ સમીક્ષાની જાહેરાત કરતા, ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું, "ઓક્ટોબર ૨૦૨૫ ની નીતિથી, અર્થતંત્રમાં ફુગાવો નોંધપાત્ર રીતે મધ્યમ રહ્યો છે. વર્તમાન વૃદ્ધિ-ફુગાવાની ગતિશીલતા એક દુર્લભ ગોલ્ડીલોક સમયગાળો રજૂ કરે છે, જેમાં વૃદ્ધિ મજબૂત રહે છે." અર્થશાસ્ત્રીઓની ભાષામાં, ગોલ્ડીલોક્સ એવા સમયગાળાનો ઉલ્લેખ કરે છે જ્યારે ફુગાવો નિયંત્રણમાં હોય છે અને વૃદ્ધિ સતત રહે છે. આ શબ્દ બાળકોની વાર્તા "ગોલ્ડીલોક્સ અને ત્રણ રીંછ" પરથી લેવામાં આવ્યો છે. તેમાં, ગોલ્ડીલોક્સ ત્રણ બાઉલમાં પીરસવામાં આવતા દાળનો સ્વાદ ચાખે છે: એક ખૂબ ગરમ, એક ખૂબ ઠંડુ, અને એક ખૂબ ઠંડુ કે ખૂબ ગરમ નહીં. ગોલ્ડીલોક્સ ત્રીજા બાઉલમાં દાળ ખાય છે. ભારતીય અર્થતંત્ર હાલમાં સમાન પરિસ્થિતિનો અનુભવ કરી રહ્યું છે. સ્થિર આર્થિક વૃદ્ધિ પેટર્ન જાળવી રાખવામાં આવી છે, જે મંદી અટકાવે છે, પરંતુ એટલી ઝડપી નથી કે ફુગાવો વધુ તીવ્ર બને. આનો અર્થ એ છે કે વૃદ્ધિની ગતિ સંતુલિત અને સ્થિર છે.

# ઈન્ડિગોની ફ્લાઈટ રદ થતાં અનેક મુસાફરો અટવાયા

## દેશની સૌથી મોટી વિમાન કંપની ઈન્ડિગો છેલ્લા ચાર દિવસથી સંકટનો સામનો કરી રહી છે : કંપની દ્વારા હજારો ઉડાનો રદ કરવામાં આવી

નવી દિલ્હી

દેશની સૌથી મોટી એરલાઈન, ઈન્ડિગોના સંચાલનમાં સતત ચોથા દિવસે પણ વિક્ષેપો ચાલુ રહ્યા છે. અહેવાલો અનુસાર, ઈન્ડિગોએ શુક્રવારે દિલ્હી અને દેશભરના અન્ય એરપોર્ટથી ઓછામાં ઓછી ૫૫૦ ફ્લાઈટ્સ રદ કરી હતી, જેના કારણે એરપોર્ટ પર અંધાધૂંધી ફેલાઈ હતી. ઘણા મુસાફરોએ અસુવિધા અને સામાન ગુમ થવાની ફરિયાદ કરી હતી. અગાઉ, ગુરુવારે, ૫૫૦ થી વધુ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. દિલ્હી એરપોર્ટના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૧૩૫ પ્રસ્થાન અને ૯૦ આગમન ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. બેંગલુરુ એરપોર્ટથી સંચાલિત ઓછામાં ઓછી ૧૦૨ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, જ્યારે હૈદરાબાદથી ૯૨ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં, ચાર દિવસમાં ૧,૦૦૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. મુંબઈ એરપોર્ટથી ત્રેપન પ્રસ્થાન અને ૫૧ આગમન ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, જેના કારણે મુંબઈ એરપોર્ટથી રદ કરાયેલી ફ્લાઈટ્સની કુલ સંખ્યા ૧૦૪ થઈ ગઈ છે. અમદાવાદ એરપોર્ટ પર પણ ફ્લાઈટ કેન્સ થતાં મુસાફરો અટવાયા છે. અમદાવાદથી પણ ઈન્ડિગો દ્વારા સંચાલિત ઘણી ફ્લાઈટો રદ્દ કરવામાં આવી છે. અચાનક ફ્લાઈટ રદ થતાં એરપોર્ટ પર હજારો મુસાફરો અટવાયા છે. ઈન્ડિગોની ઘણી ફ્લાઈટો કલાકો મોડી ચાલી રહી છે. આ વચ્ચે એરપોર્ટ પર મુસાફરોએ હોબાળો મચાવ્યો હતો. છેલ્લા કેટલાક દિવસથી ઈન્ડિગોની ફ્લાઈટ સંચાલનમાં આવેલી સમસ્યાને કારણે અમદાવાદ એરપોર્ટ પર લોકોની ભીડ પણ જોવા મળી રહી છે. છેલ્લા ત્રણ દિવસથી ઓપરેશનલ મુશ્કેલીઓ બાદ, મુસાફરો ઈન્ડિગોથી ખૂબ જ નાખુશ છે અને એરપોર્ટ અને સોશિયલ મીડિયા પર પોતાનો ગુસ્સો વ્યક્ત કરી રહ્યા છે. દેશની સૌથી મોટી એરલાઈન, ઈન્ડિગો, છેલ્લા ત્રણ દિવસથી ગંભીર ઓપરેશનલ સમસ્યાઓનો સામનો કરી રહી છે. ગુરુવારે, તેણે એક જ દિવસમાં રેકોર્ડ ૫૫૦ ફ્લાઈટ્સ રદ કરી, અને તેનું સમયપાલન પ્રદર્શન ઘટીને ૧૯.૭ ટકા થઈ ગયું. આજે, ૫ ડિસેમ્બરના રોજ, એરલાઈન્સને દેશભરમાં ૬૦૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવી પડી છે. આ સંખ્યા પાછલા દિવસોની તુલનામાં એક નવો રેકોર્ડ છે, જે મુસાફરોની અગવડતાને વધુ વધારી રહી છે.

### ભાડુઆતને મોટી રાહત!

# હવે વધારે સિક્યોરિટી ડિપોઝિટ નહીં લઈ શકે મકાન માલિક

## સિક્યોરિટી ડિપોઝિટ મકાનમાલિક પોતાની મરજી મુજબ વસૂલી શકશે નહીં, સરકારે આ માટે નિયમો નક્કી કર્યા

નવી દિલ્હી,

દેશમાં ઘણા લોકો એવા છે, જેમની પાસે પોતાનું મકાન હોતું નથી. તેથી તેમને ભાડાના મકાનમાં રહેવું પડે છે. તો ઘણા લોકો એવા છે, જેઓ કામ કે અન્ય કારણોસર બીજા શહેરમાં રહે છે. ત્યાં તેમને ભાડાના મકાનમાં રહેવું પડે છે. પરંતુ ભાડે રહેનારાઓ માટે ઘણી એવી વસ્તુઓ છે, જે તેમના માટે હંમેશા મુશ્કેલીનું કારણ બનતી જોવા મળે છે. આમાં સૌથી મોટી સમસ્યા એ છે કે મકાનમાલિક પોતાની મરજી મુજબ સિક્યોરિટી ડિપોઝિટ અને ભાડું નક્કી કરી દે છે. ક્યાંક ૫-૬ મહિનાની સિક્યોરિટી લેવામાં આવે છે, તો ક્યાંક અચાનક ભાડું વધારી દેવામાં આવે છે. પરંતુ હવે આવું નહીં થાય, સિક્યોરિટી ડિપોઝિટ મકાનમાલિક પોતાની મરજી મુજબ વસૂલી શકશે નહીં. સરકારે આ માટે નિયમો નક્કી કર્યા છે. મકાનમાલિકો મનમાની નહીં કરી શકે - અત્યારે દેશમાં ઘણા મકાનમાલિક એવા છે, જે સિક્યોરિટી ડિપોઝિટ તરીકે પોતાની મરજી મુજબ રકમ વસૂલે છે. આના પર કાબૂ મેળવવા માટે સરકાર **Model Tenancy Act**ને આખા દેશમાં લાગુ કરવા પર ભાર આપી રહી છે. નવા રેન્ટ નિયમો ૨૦૨૫માં સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે હવે સિક્યોરિટી ડિપોઝિટની મર્યાદા (લિમિટ) નક્કી થઈ જશે. મકાનનું ભાડું મરજી મુજબ વધારી શકાશે નહીં અને કોઈને કોઈ કારણ વગર મકાનમાંથી કાઢી શકાશે નહીં. આ ફેરફાર ભાડુઆતો માટે મોટી રાહત લઈને આવ્યો છે. નવા નિયમમાં શું છે? - નવા નિયમ મુજબ રેસિડેન્શિયલ પ્રોપર્ટી (મકાન) માટે મહત્તમ ૨ મહિનાનું ભાડું જ સિક્યોરિટી તરીકે રાખી શકાશે. તો દુકાન કે ઓફિસ જેવી કોમર્શિયલ સ્પેસ માટે આ મર્યાદા (લિમિટ) ૬ મહિનાની રાખવામાં આવી છે. આનાથી ભાડુઆત પર અચાનક મોટી રકમ જમા કરાવવાનું દબાણ ઘટશે અને ભાડે મકાન લેવું પહેલા કરતાં વધુ સરળ બનશે. ઘણી વખત લોકો સિક્યોરિટી રકમના કારણે જ મકાન ભાડે લેવાથી પાછળ હટી જતા હતા. **Model Tenancy Act** પછી લેખિત ભાડા કરાર હવે ફરજિયાત બની ગયો છે. આ કરારમાં ભાડું, તેને વધારાની રીત, સમારકામની જવાબદારી, નોટિસ પીરિયડ અને ભાડાનો સમયગાળો જેવી બાબતો સ્પષ્ટ લખેલી હોવી જરૂરી છે. આ કરાર બન્યાના ૬૦ દિવસની અંદર રેન્ટ ઓથોરિટીમાં જમા કરાવવો પડશે. સાથે જ રાજ્યોએ એક ઓનલાઈન પ્લેટફોર્મ પણ તૈયાર કરવાનું રહેશે, જ્યાં ભાડા કરાર ડિજિટલ સ્વરૂપે નોંધણી કરાવી શકાશે. આ રેકોર્ડ કાયદેસર માન્ય ગણાશે અને કોઈ વિવાદ થાય તો આ સૌથી મોટો પુરાવો બનશે. આનાથી ભાડુઆત અને મકાનમાલિક બંનેને પારદર્શિતા મળશે અને પછીથી કોઈ પક્ષ પોતાની મરજી મુજબ શરતો બદલી નહીં શકે.

## અમે આખી દુનિયામાં શાંતિ બનાવી રહ્યા છે, અમે યુદ્ધ ખતમ કરી રહ્યા છીએ

(GNS) વોશિંગ્ટન

એકબાજુ હાલ આખી દુનિયાની નજર રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિનના ભારત પ્રવાસ પર છે કારણ કે પુતિન હાલ ભારતમાં છે. ગુરુવારે રાતે તેઓ નવી દિલ્હી પહોંચ્યા જ્યાં એરપોર્ટ પર પીએમ મોદી પોતે તેમને રિસિવ કરવા આવ્યા હતા. બીજી બાજુ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા યુક્રેન યુદ્ધ પર એક એવું નિવેદન આપ્યું જેનાથી ખળભળાટ મચ્યો છે. આ નિવેદન બરાબર પુતિનના ભારત પ્રવાસ ટાણે આવ્યું છે. ટ્રમ્પે મોટો દાવો કરતા કહ્યું કે, અમે આખી દુનિયામાં શાંતિ બનાવી રહ્યા છે. અમે યુદ્ધ ખતમ કરી રહ્યા છીએ. એવું સ્તર જે પહેલા કોઈએ જોયું નથી. અત્યાર સુધીમાં ૮ યુદ્ધ ઉકેલી ચૂક્યા છીએ. હવે વધુ એક બાકી છે અને તે છે રશિયા યુક્રેન યુદ્ધ. મને લાગે છે કે અમે ત્યાં સુધી પણ પહોંચી જઈશું. ટ્રમ્પે આ સાથે યુરેશિયાના આ યુદ્ધની ભયાનક સ્થિતિ પણ વર્ણવી. તેમણે કહ્યું કે, ગત અઠવાડિયે ૮ હજાર સૈનિકો માર્યા ગાય. જ્યારે ગત મહિને ૨૭ હજાર સૈનિકો કારણ વગર માર્યા ગયા. આ બધુ બંધ થવું જોઈએ. અમે તેને રોકવા માટે દિવસ રાત મહેનત કરી રહ્યા છીએ. ૮ યુદ્ધ ખતમ કર્યા અને નંબર ૯ પર કામ ચાલુ છે. ટ્રમ્પ જો કે એ ન જણાવ્યું કે તેઓ કયા ૮ યુદ્ધની વાત કરે છે જે તેમની સરકારે ખતમ કર્યા.




# તંત્રી લેખ......

## અમદાવાદથી દિલ્હી કરતા લંડન જવું સસ્તુ થયું; મુસાફરો મુશ્કેલીમાં

ઈન્ડિગોની ફ્લાઈટ ઓપરેશન સિસ્ટમમાં ખામીના કારણે દેશભરના તમામ એરપોર્ટ પર હોબાળો મચી ગયો છે. છેલ્લા ત્રણ દિવસમાં ૨,૫૦૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. હજારો મુસાફરો વિવિધ એરપોર્ટ પર ફસાયેલા છે. આવી સ્થિતિમાં, મુશ્કેલીમાં મુકાયેલા મુસાફરોને મદદ કરવાને બદલે, અન્ય એરલાઈન્સ આ સ્થિતિનો લાભ લેઈ રહી છે. હાલની પરિસ્થિતિમાં, એવું કહેવું ખોટું નહીં હોય કે, બધી એરલાઈન્સ બધી નૈતિકતા છોડીને મુસાફરોને લૂંટવામાં વ્યસ્ત છે. સૌથી દુઃખદ વાત એ છે કે, નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA), જે મુસાફરોના હિતોનું રક્ષણ કરે છે, તે સંપૂર્ણપણે મૌન છે. તમે વર્તમાન પરિસ્થિતિનો ખ્યાલ એ હકીકત પરથી મેળવી શકો છો કે, થોડા દિવસો પહેલા સુધી, દિલ્હીથી મુંબઈની ટિકિટ રૂ.૭,૦૦૦ થી ઓછી કિંમતે મળતી હતી. આજે, તે જ ટિકિટ લગભગ રૂ.૭૦,૦૦૦ માં મળી રહી છે. દિલ્હી-પટના ટિકિટની કિંમત સામાન્ય રીતે રૂ.૫,૦૦૦ હોય છે, તે હવે રૂ.૪૭,૦૦૦ છે. આજકાલ, પરિસ્થિતિ એવી છે કે, જો તમે પટનાને બદલે લંડન જાવ છો, તો તમને તે સસ્તું પડશે. જ્યારે આજે પટનાની ટિકિટ રૂ.૪૭,૦૦૦ ની કિંમતે છે, ત્યારે લંડનની ટિકિટ ફક્ત રૂ.૨૫,૦૦૦ માં મળી રહી છે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ ગોપાલ નાયડુએ ઢ્પ્ઝછ ને સ્પષ્ટ સૂચનાઓ આપી છે કે, કોઈપણ કિંમતે ફ્લાઈટ ભાડામાં વધારો ન થાય. જોકે, ઢ્પ્ઝછ આ સૂચનાઓનો અમલ કરવામાં સંપૂર્ણપણે બિનઅસરકારક જણાય છે. ઈન્ડિગો હોય કે અન્ય કોઈ એરલાઈન, તેઓ મજા આવે તેમ ભાડા વધારી રહ્યા છે. હાલ હવાઈ ભાડામાં દસ ગણાથી વધુ વધારો કરવામાં આવ્યો છે. હવે જોવાનું એ છે કે, ઢ્પ્ઝછ ક્યારે મુસાફરો પર દયા કરશે, એરલાઈન્સ પર કડક કાર્યવાહી કરશે અને તેમને ભાડા ઘટાડવાનું કહેશે, કે પછી ઢ્પ્ઝછ હંમેશાની જેમ મૂક પ્રેક્ષક બનશેરૂ. દેશભરના નાના અને મોટા દરેક એરપોર્ટ પર ભયાનક પરિસ્થિતિ છે. ઈન્ડિગોનું તંત્ર સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે, અને હજારો મુસાફરો ચોથા દિવસે પણ ફસાયેલા છે. દિલ્હી એરપોર્ટથી આજે મધ્યરાત્રિ ૧૨ વાગ્યા સુધી અને મુંબઈથી સાંજે ૬ વાગ્યા સુધીની બધી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. બેંગલુરુ, હૈદરાબાદ, ચેન્નાઈ, પુણે, અમદાવાદ, લખનઉં, કોલકાતા અને પટના સહિત અન્ય એરપોર્ટ પર પણ આવી પરિસ્થિતિ છે. મુસાફરોની વાત એરપોર્ટથી લઈને ઢ્પ્ઝછ સુધી કોઈ સાંભળી રહ્યું નથી, તેથી તેઓ સોશિયલ મીડિયા પર પોતાનો ગુસ્સો ઠાલવી રહ્યા છે. એક મુસાફરે લખ્યું કે, ઈન્ડિગો નિષ્ફળ ગઈ હોવાથી, અન્ય એરલાઈન્સ તેમને લૂંટી રહી છે. ૫,૦૦૦ રૂપિયાની ટિકિટ હવે ૫૦,૦૦૦ રૂપિયા થઈ ગઈ છે. બીજાએ લખ્યું કે, "આપણે ઈન્ડિગોની બેદરકારીનો ભોગ કેમ બનવું જોઈએરૂ. એર ઈન્ડિયા, અકાસા અને વિસ્તારાએ સામૂહિક રીતે ભાડામાં ૮-૧૦ ગણો વધારો કર્યો છે."

### બાબરી મસ્જિદ નિર્માણની જાહેરાત કરનારા બરતરફ MLAનો દાવો

# પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જી ફરીવાર મુખ્યમંત્રી નહીં બને

## મસ્જિદના શિલાન્યાસની જાહેરાત બાદ પાર્ટીમાંથી સસ્પેન્ડ થયેલા કબીરે હવે પોતાની અલગ પાર્ટી બનાવવાનો પણ સંકેત આપ્યો



(GNS) કોલકાતા

પશ્ચિમ બંગાળમાં બાબરી જેવી મસ્જિદ બનાવવાની જાહેરાત કરીને વિવાદમાં આવેલા તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના ધારાસભ્ય હુમાયુ કબીરે હવે સીધા જ મુખ્યમંત્રી મમતા બેનરજી સામે મોરચો માંડ્યો છે. તેમણે દાવો કર્યો છે કે ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી બાદ મમતા બેનરજી ફરીથી મુખ્યમંત્રી બની શકશે નહીં. મસ્જિદના શિલાન્યાસની જાહેરાત બાદ પાર્ટીમાંથી સસ્પેન્ડ થયેલા કબીરે હવે પોતાની અલગ પાર્ટી બનાવવાનો પણ સંકેત આપ્યો છે. પત્રકારો સાથે વાત કરતા, કબીરે કહ્યું, "મુખ્યમંત્રીને હવે પૂર્વ મુખ્યમંત્રી બનવું પડશે. ૨૦૨૬માં મુખ્યમંત્રી ફરીથી મુખ્યમંત્રી નહીં રહે. તેઓ શપથ નહીં લે અને પૂર્વ મુખ્યમંત્રી કહેવાશે." તેમણે શુક્રવારે TMCમાંથી રાજીનામું આપવાની પણ જાહેરાત કરી છે.

આ સમગ્ર વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે ધારાસભ્ય હુમાયુ કબીરે જાહેરાત કરી કે તેઓ ૬ ડિસેમ્બરના રોજ મુર્શિદાબાદ જિલ્લાના બેલડાંગામાં બાબરી મસ્જિદ જેવી દેખાતી મસ્જિદનો શિલાન્યાસ કરશે. આ વિવાદાસ્પદ જાહેરાત બાદ, રાજ્યની સત્તાધારી પાર્ટી TMCએ તેમને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા હતા. રસપ્રદ વાત એ છે કે, જ્યારે તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા, ત્યારે તેઓ મુખ્યમંત્રીની SIR-વિરોધી રેલીના મંચ પર જ બેઠા હતા, જ્યાં તેમને પાર્ટી દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું હતું. કબીરે આને પોતાનું "જાણીજોઈને કરાયેલું અપમાન" ગણાવ્યું હતું.

પાર્ટીમાંથી સસ્પેન્ડ થયા બાદ, કબીરે બળવાના સંકેત આપ્યા છે. તેમણે કહ્યું, "જો જરૂર પડશે તો હું ૨૨ ડિસેમ્બરે નવી પાર્ટીની જાહેરાત કરીશ." તેમણે દાવો કર્યો કે તેમનું નવું સંગઠન આગામી વિધાનસભા ચૂંટણીમાં ૨૯૪માંથી ૧૩૫ બેઠકો પર પોતાના ઉમેદવારો ઉતારશે. તેમણે ચેતવણીના સૂરમાં કહ્યું કે ૬ ડિસેમ્બરનો શિલાન્યાસ કાર્યક્રમ રદ નહીં થાય અને તેમાં લાખો લોકો જોડાશે. તેમણે કહ્યું, "જો પ્રશાસન અમને રોકવાનો પ્રયાસ કરશે, તો NH-12 જામ કરવામાં આવી શકે છે." કબીરે એવી પણ આશંકા વ્યક્ત કરી કે તેમને ચૂપ કરાવવા માટે તેમની હત્યા પણ થઈ શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ધારાસભ્ય કબીરના આ નિર્ણયથી મુખ્યમંત્રી મમતા બેનરજી અત્યંત નારાજ છે અને પાર્ટીએ આ નિર્ણયથી પોતાને સંપૂર્ણપણે અલગ કરી લીધા છે.

### સોનાના ભાવમાં પણ ભારે ઉછાળો

# ફરી એકવાર ઓલટાઈમ હાઈ ઉપર પહોંચી ચાંદી

(GNS) નવી દિલ્હી,

ચાંદીના ભાવ શુક્રવારે (૫ ડિસેમ્બર) ઑલ ટાઈમ હાઈ પર પહોંચી ગયા છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ ઍસોસિએશન (IBJA) અનુસાર, ૧ કિલો ચાંદીનો ભાવ ૨૪૦૦ રૂપિયાથી તૂટીને ૧,૭૯,૦૨૫ રૂપિયા થઈ ગયો છે. આ પહેલાં ચાંદીની કિંમત ૧,૭૬,૬૨૫ રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતી. વળી, ૧૦ ગ્રામ સોનું ૭૩૩ રૂપિયા મોંઘું થઈને ૧,૨૮,૫૭૮ રૂપિયા સુધી પહોંચી ગયું છે. આ પહેલા સોનું ૧,૨૭,૮૪૫ રૂપિયા હતું. ૧૭ ઑક્ટોબરે સોનાએ ૧,૩૦,૮૭૪ રૂપિયા ઑલ ટાઈમ હાઈ બનાવ્યું હતું. IBJAની સોનાની કિંમતોમાં ૩% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિન સામેલ નથી હોતું. તેથી અલગ-અલગ શહેરોના ભાવ અલગ-અલગ હોય છે. પંજાબ નેશનલ બૅંક સહિત અનેક બૅંક ગોલ્ડ લોન રેટ નક્કી કરવા માટે આ કિંમતોનો ઉપયોગ કરે છે. વર્ષ ૨૦૨૪ની શરુઆતથી અત્યાર સુધી સોના અને ચાંદીના ભાવમાં જબરદસ્ત વધારો નોંધાયો છેઃ ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાનો ભાવ રૂ. ૭૬,૧૬૨ હતો, જે હવે વધીને રૂ. ૧,૨૮,૫૭૮ થયો છે. એટલે કે, આ વર્ષે સોનાની કિંમતમાં રૂ. ૫૨,૪૧૬નો વધારો થયો છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ૧ કિલો ચાંદીની કિંમત રૂ. ૮૬,૦૧૭ હતી, જે હવે રૂ. ૧,૭૯,૦૨૫ પ્રતિ કિલો થઈ છે. એટલે કે, આ વર્ષે ચાંદીના ભાવમાં રૂ. ૯૦,૦૦૩નો વધારો થયો છે. બજાર નિષ્ણાતોના મતે સોનાના ભાવમાં આવી રહેલી તેજી પાછળ મુખ્યત્વે ત્રણ મોટા કારણો જવાબદાર છે. દુનિયાભરની મોટી બૅંક ડૉલર પરની નિર્ભરતા ઘટાડવા માટે સતત પોતાના ભંડારમાં સોનાનો હિસ્સો વધારી રહી છે. જેના કારણે બજારમાં સોનાની માંગ સતત બની રહે છે અને કિંમત ઉપર જાય છે. ક્રિપ્ટોકરન્સીમાં થતા મોટા ઉતાર-ચઢાવ અને કડક નિયમોના ડરને કારણે રોકાણકારો સોનામાં નાણાં રોકી રહ્યા છે. સાથે જ, ભારતમાં શેરબજારમાંથી ઓછું રિટર્ન મળતાં અને લગ્નની સિઝન શરુ થવાથી સોનાની માંગ પણ વધી છે. તે મર્યાદિત માત્રામાં છે અને મોંઘવારીના સમયમાં પોતાની કિંમત જાળવી રાખે છે, તેથી લાંબા ગાળા માટે તે ફાયદાકારક માનવામાં આવે છે.

### ઈન્ડિગો સંકટ મામલે રાહુલ ગાંધીનો આરોપ

# સરકારની મેચ ફિક્સિંગ નીતિના કારણે સામાન્ય લોકો પરેશાન



(SSS) નવી દિલ્હી

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ ઈન્ડિગો સંચાલનનાં સંકટ પર પોતાનું મૌન તોડ્યું છે. તેમણે કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું હતું અને આરોપ લગાવતા કહ્યું કે, ઈન્ડિગોની નિષ્ફળતા સરકારની મેચ ફિક્સિંગનું પરિણામ છે. નોંધનીય છે કે, ૫૫૦થી વધુ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ઈન્ડિગો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, જ્યારે ઘણી ફ્લાઈટ્સ મોડી પડી છે, જેના કારણે હજારો મુસાફરોને અસુવિધા થઈ રહી છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને લખ્યું, ઈન્ડિગોની નિષ્ફળતા આ સરકારની મેચ ફિક્સિંગ નીતિનું પરિણામ છે. ફરી એકવાર સામાન્ય ભારતીયોને વિલંબ, ફ્લાઈટ રદ અને લાચારીના રૂપમાં કિંમત ચૂકવવી પડી છે.

ઈન્ડિગો દેશના એરલાઈન્સ માર્કેટમાં ૬૦% જેવો ઊંચો હિસ્સો ધરાવે છે. આમ, તે દેશની અગ્રણી એરલાઈન્સ કંપની છે, જે હાલમાં ઓછા સ્ટાફની મુશ્કેલીનો સામનો કરી રહી છે. આ કારણસર ઈન્ડિગોની છેલ્લા ચાર દિવસમાં ૧૩૦૦થી વધુ ફ્લાઈટ રદ થઈ છે અને મોડી પડી છે. ઈન્ડિગો ખાસ કરીને ફ્લાઈટ ડ્યૂટીની મર્યાદા નક્કી કરનારા નવા FDTL (ફ્લાઈટ ડ્યુટી ટાઈમ લિમિટેશન) નિયમો લાગુ થયા બાદ ક્રૂની તીવ્ર અછત અનુભવી રહી છે. સમગ્ર દેશમાં ઈન્ડિગોના ફ્લાઈટ્સ ઓપરેશનમાં સર્જાયેલા સંકટ બાદ ડાયરેક્ટોરેટ જનરલ ઑફ સિવિલ એવિએશન (DGCA) હરકતમાં આવ્યું છે. ડીજીસીએએ એરલાઈન્સ પાયલોટ માટે જાહેર કરેલો વિકલી રેસ્ટ એટલે કે સાપ્તાહિક આરામ અંગેનો પોતાનો અગાઉનો આદેશ તાત્કાલિક અસરથી પાછો ખેંચી લીધો છે. હવે ડીજીસીએએ પોતાના આદેશમાં સ્પષ્ટતા કરી છે કે, વિવિધ એરલાઈન્સ તરફથી આ મામલે સતત ફરિયાદો મળી રહી હતી. વિમાનોની અવરજવર રાબેતા મુજબ ચાલુ રાખવા અને મુસાફરોની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને સાપ્તાહિક આરામ સંબંધિત આ આદેશ પાછો ખેંચી લેવાનો નિર્ણય લેવાયો છે, જે તાત્કાલિક ધોરણે અમલમાં મૂકવાનો રહેશે.

### હુમાયૂ કબીરની જાહેરાત બાદ શંકરાચાર્યનો જવાબ

# જો કોઈપણ બાબર સાથે ઊભું રહેશે તો બાબર જેવી જ હાલત કરવામાં આવશે

## મસ્જિદ બનાવવા સામે વાંધો નથી, પરંતુ બાબરના નામે સ્વીકાર્ય નથી : શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી

કોલકાતા

પશ્ચિમ બંગાળમાં ટીએમસીના સસ્પેન્ડેડ ધારાસભ્ય તરફથી કરવામાં આવેલા બાબરી મસ્જિદની જાહેરાત પર હવે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ પણ ચેતવણી આપી છે. ઉત્તરાખંડ સ્થિત જ્યોતિષ પીઠના શંકરાચાર્યે કહ્યું કે, જો કોઈપણ બાબર સાથે ઊભું રહેશે તો બાબર જેવી જ હાલત કરવામાં આવશે. બાબર આક્રમણકારી હતો અને જો કોઈ તેની સાથે જોડાઈને પોતાની ઓળખ બતાવે છે તો તેને પણ આક્રમણકારી માનવામાં આવશે અને તેની સાથે પણ તેવો જ વ્યવહાર કરવામાં આવશે. મસ્જિદ બનાવવા સામે વાંધો નથી, પરંતુ બાબરના નામે સ્વીકાર્ય નથી.


નોંધનીય છે કે, પશ્ચિમ બંગાળના ધારાસભ્ય હુમાયૂ કબીર તરફથી ૬ ડિસેમ્બરે બાબરી મસ્જિદનો પાયો મૂકવાની જાહેરાત સાથે જોડાયેલા સવાલના જવાબમાં શંકરાચાર્યે ચેતવણી આપી હતી. તેમણે વારંવાર કહ્યું કે, જે બાબર સાથે ઊભું રહેશે તેની સાથે પણ બાબર જેવો જ વ્યવહાર થશે. બાબર અમારી માટે આક્રમણકારી હતો, તેણે આપણી ઉપર અત્યાચારો કર્યો, જો કોઈ વ્યક્તિ તેની સાથે પોતાની ઓળખ બતાવે છે તો તેને પણ આક્રમણકારી જ સમજવામાં આવશે અને તેની સાથે પણ તેવો જ વ્યવહાર કરવામાં આવશે. બાબરે ભારતમાં આવીને જે સમયે આક્રમણ કર્યું, જે જે કર્યું તે આપણને પીડા પહોંચાડનારૂ કામ છે. જો કોઈ વ્યક્તિ તેની સાથે પોતાને ઊભો રાખે છે અને કહે છે કે, અમે બાબરના લોકો... તો બાબરના લોકોની તો બાબર જેવી જ ટ્રીટમેન્ટ કરવી જોઈએ. બાબર સાથે જે ઊભું રહેશે તેને બાબર જ સમજીશું અને આજે જે બાબર સાથે થવું જોઈએ તે જ તેની સાથે કરવામાં આવશે. શંકરાચાર્યે કહ્યું કે, મસ્જિદ બનાવો અમને તેમાં ક્યાં વાંધો છે. મસ્જિદ બનાવો અને તેમાં ઈશ્વરની આરાધના પોતાની રીતે કરો. આ વિશે અમને કોઈ વાંધો નથી અને ન આગળ પણ વાંધો રહેશે. પરંતુ, બાબર સાથે અમારો વ્યવહાર બાબર જેવો જ રહેશે. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે કહ્યું કે, મથુરા કાશી જેનું છે, તેને મળવું જોઈએ. ત્યાં તેઓ પૂજા-અર્ચના અને વિશ્વ કલ્યાણની કામના કરે. વિશ્વમાં તો તે પણ આવે છે, જે કબ્જો કરીને બેઠા છે. તેમનું પણ કલ્યાણ થશે. તેથી જલ્દીથી જલ્દી જે લોકો કબ્જો કરીને બેઠા છે, તેમને જાણી લેવું જોઈએ કે એક સમય હતો જ્યારે તેમણે ધાર્મિક કારણોથી નહીં પરંતુ પોતાનું રાજકારણ ચમકાવવા માટે મંદિર તોડ્યા. ઈસ્લામ નથી કહેતું કે કોઈના ઉપાસના સ્થળને તોડીને પોતાના ઉપાસના સ્થળ બનાવો. ઈસ્લામમાં તેને યોગ્ય માનવામાં નથી આવતું. પરંતુ, જો આવું કરવામાં આવ્યું છે તો તે ધાર્મિક નહીં રાજકીય કારણથી કરવામાં આવ્યું.

### રેર અર્થ મિનરલ ડીલ પર હસ્તાક્ષર

# ટ્રમ્પે કાંગો અને રવાન્ડા વચ્ચે પણ શાંતિ સમજૂતિ કરાવી

(GNS) વોશિંગ્ટન

વૈશ્વિક રાજકારણમાં ડિસેમ્બરની શરુઆત ખૂબ જ રસપ્રદ છે. રશિયાના પ્રમુખ પુતિન ચાર વર્ષ બાદ ભારત યાત્રાએ છે. વળી, ફ્રાન્સના પ્રમુખ મેક્રો હાલ ચીનની યાત્રાએ છે. આ દરમિયાન ખુદને સમજૂતી અને શાંતિના દૂત કહેનારા ડોનાલ્ડ ટ્રમ્પે બે અન્ય દેશ (કાંગો અને રવાન્ડા) વચ્ચે શાંતિ કરાર કરાવી દીધો છે. અમેરિકન પ્રમુખે બંને દેશો વચ્ચે શાંતિ કરાર અને રેર અર્થ મિનરલ ડીલ પર હસ્તાક્ષર કર્યા. તેમણે આ કરારને વોશિંગ્ટન અકૉર્ડ નામ આપ્યું. જોકે, આ કરાર બાદ ૩૦ વર્ષથી ચાલી રહેલો સંઘર્ષ ખતમ થઈ જશે તે વિશે શંકા છે. બંને દેશોના પ્રમુખો સાથે હાજર અમેરિકન પ્રમુખ ટ્રમ્પે કરાર પર હસ્તાક્ષર બાદ સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે, 'બંને દેશોએ ઘણો લાંબો સમય એકબીજાને મારવામાં વીતાવ્યો છે. હવે આવું નહીં થાય... હવે લાંબો સમય ગળે મળવા, હાથ મેળવવા અને અમેરિકાની આર્થિક મદદ કરીને તમામનો ફાયદો કરાવવામાં વિતાવશે, જેમ દરેક દેશ કરે છે.'



નોંધનીય છે કે, અમેરિકન પ્રમુખ ટ્રમ્પ અને તેમની ટીમે આ કરારને વોશિંગ્ટન અકૉર્ડ્સ નામ આપ્યું છે. આ કરાર પર હસ્તાક્ષર અગાઉ યુએસ ઈન્સ્ટિટ્યુટ ઑફ પીસ તરીકે ઓળખાતા સ્થળે થયા હતા. જોકે, એક દિવસ પહેલા જ ટ્રમ્પ વહીવટીતંત્રે તેનું નામ બદલીને ટ્રમ્પના નામ પર રાખ્યું હતું. જણાવી દઈએ કે, શાંતિ કરારની સાથે જ અમેરિકા અને કાંગોએ રેર અર્થ મિનરલ્સને લઈને પણ કરાર કર્યો.

### વરરાજાના સાળાએ જાનૈયાઓને કારથી કચડી નાખ્યા, ૩ના મોત

(GNS) લખનૌ

ઉત્તર પ્રદેશના કાસગંજમાં એક લગ્ન સમારોહનો આનંદ ગણતરીની ક્ષણોમાં જ લોહિયાળ શોકમાં ફેરવાઈ ગયો. ડીજે સંગીત વગાડવાને લઈને થયેલી સામાન્ય તકરારમાં વરરાજાના સાળાએ પોતાની કારથી પાંચ લોકોને કચડી નાખ્યા, જેમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે, જ્યારે બે અન્ય ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અહેવાલો અનુસાર, આ ઘટના ગુરુવારે (ચોથી ડિસેમ્બર) કાસગંજના ગંજદુંડવારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ઝેડએસ પેલેસ ગેસ્ટ હાઉસમાં બની હતી, જ્યાં એક સમાજવાદી પાર્ટીના નેતાના પુત્રના લગ્નનો સમારોહ ચાલી રહ્યો હતો. વરરાજા પક્ષ અને કન્યા પક્ષ વચ્ચે ડીજે વગાડવાને લઈને નાનો ઝઘડો થયો હતો, જેણે ટૂંક સમયમાં લોહિયાળ સંઘર્ષનું સ્વરૂપ ધારણ કરી લીધું. અહેવાલો મુજબ, વરરાજાના પરિવારે દુલ્હનના પિતરાઈ ભાઈ પર હુમલો કર્યો હતો, જેનાથી તે યુવક ગુસ્સે ભરાયો હતો.

ગુસ્સે ભરાયેલા યુવકે તાત્કાલિક પોતાની કાર લઈને આવ્યો અને વરરાજાના પક્ષના લોકોને કચડી નાખ્યા. આ દુઃખદ અકસ્માતમાં વરરાજાના બે કાકા અને મામા સહિત ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

### પીએમ મોદીએ રશિયા-યુક્રેન યુદ્ધ પર આપ્યો સ્પષ્ટ સંદેશ

# પુતિનને રાષ્ટ્રપતિ ભવનમાં ગાર્ડ ઓફ ઓનર અપાયું

(GNS) નવી દિલ્હી

ભારત યાત્રા પર આવેલા રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદમિર પુતિને આજે શુક્રવારે સવારે રાજઘાટ જઈને મહાત્મા ગાંધીને પુષ્પ અર્પણ કર્યા. તે પહેલા રાષ્ટ્રપતિ ભવનમાં તેમને ગાર્ડ ઓફ ઓનર અપાયું. હવે તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે સીધા હૈદરાબાદ હાઉસ પહોંચ્યા. અહીં બંને પક્ષો વચ્ચે મહત્વની દ્વિપક્ષીય મંત્રણા થઈ રહી છે. હૈદરાબાદ હાઉસમાં પીએમ મોદીએ કહ્યું કે તમારા સ્વાગતની તક મળી છે. કાલથી જ ડેલિગેશન અનેક બેઠકોમાં વ્યસ્ત રહ્યા. તમારી યાત્રા ખુબ ઐતિહાસિક છે. ૨૦૦૧માં જ્યારે તમે કાર્યભાર સંભાળ્યો હતો ક્યારે બંને દેશો વચ્ચે સંબંધોનો એક મજબૂત પાયો નખાયો હતો. હૈદરાબાદ હાઉસમાં રાષ્ટ્રપતિ પુતિનનું સ્વાગત કર્યા બાદ પીએમ મોદીએ અનેક મહત્વની વાતો કરી.

પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે, વિશ્વ સમુદાયના તમામ નેતાઓ સાથે જ્યારે પણ મારી વાત થઈ છે અને તેમણે જ્યારે પણ વિસ્તારથી ચર્ચા કરી ત્યારે મે કહ્યું છે કે ભારત ન્યૂટ્રલ નથી, ભારતનો પક્ષ છે અને તે પક્ષ શાંતિનો છે. અમે શાંતિના દરેક પ્રયત્નનું સમર્થન કરીએ છીએ અને તેના દરેક પ્રયત્નની સાથે છીએ. મને પૂરો વિશ્વાસ છે કે અમે આજે અનેક વિષયો પર ચર્ચા કરવાના છીએ. ભારત અને રશિયાના આર્થિક સંબંધોનો વધુ વિસ્તાર થાય. અમે નવી નવી ઊંચાઈઓને પ્રાપ્ત કરીએ. પીએમ મોદીએ એમ પણ કહ્યું કે યુક્રેનના સંકટ બાદ અમારી સતત ચર્ચા થતી રહી છે. તમે પણ સમયાંતરે એક સાચા મિત્ર તરીકે અમને તમામ ચીજોથી અવગત કરાવ્યા છે. હું સમજું છું કે આ વિશ્વાસ ખુબ મોટી તાકાત છે અને તમે તથા મે અનેકવાર આ વિષય પર ચર્ચા કરી છે. વિશ્વનું કલ્યાણ શાંતિ માર્ગ પર જ છે. આપણે બધાએ મળીને શાંતિનો રસ્તો શોધવો જોઈએ અને ગત દિવસોમાં જે પ્રયત્નો ચાલી રહ્યા છે, મને પૂરો વિશ્વાસ છે કે એકવાર ફ રીથી વિશ્વ શાંતિની દિશામાં વળશે.

રાષ્ટ્રપતિ પુતિનનું હૈદરાબાદ હાઉસમાં સ્વાગત કર્યા બાદ પીએમ મોદીએ કહ્યું કે અમારી સમિટ અનેક પરિણામોની સાથે ચાલી હતી. તમારી યાત્રા ખુબ ઐતિહાસિક છે. ૨૦૦૧માં જ્યારે તમે કાર્યભાર સંભાળ્યો અને પહેલીવાર ભારતનો પ્રવાસ કર્યો આજે તેને ૨૫ વર્ષ થયા છે. તે પહેલી યાત્રામાં જ સ્ટ્રેટેજિક પાર્ટનરશીપનો મજબૂત પાયો નખાયો હતો. હું પર્સનલી ખુબ ખુશ છું કે પર્સનલ લેવલ પર તમારી સાથે મારા સંબંધોએ પણ ૨૫ વર્ષ પૂરા કર્યા. મારું માનવું છે કે ૨૦૦૧માં તમે જે ભૂમિકા ભજવી, તે એ વાતનું શાનદાર ઉદાહરણ છે કે એક વિઝનરી લીડર કેવા હોય છે, તે ક્યાંથી શરૂ કરે છે અને સંબંધોને ક્યાં સુધી લઈ જઈ શકે છે તેનું ઉત્તમ ઉદાહરણ ભારત અને રશિયાના સંબંધ છે. હૈદરાબાદ હાઉસમાં પીએમ મોદીની સાથે વાતચીતમાં રશિયાના રાષ્ટ્રપતિ પુતિને યુક્રેનમાં શાંતિ સ્થાપિત કરવાની ભારતની પહેલ પર પીએમ મોદીની પ્રશંસા કરી. રાજઘાટ પહોંચેલા પુતિને મહાત્મા ગાંધીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા. પુતિને બાપૂની સમાધિ પર માથું ટેકવ્યું અને પરિક્રમા પણ કરી. તેમણે એક પુષ્પચક્ર ચઢાવ્યું અને બાપૂ પ્રત્યે પોતાની કૃતજ્ઞતા પ્રગટ કરી. ભારત પ્રવાસના બીજા દિવસે આજે રાષ્ટ્રપતિ પુતિન રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા. જ્યાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પીએમ મોદીએ તેમનું સ્વાગત કર્યું. અહીં તેમને ૨૧ તોપની સલામી અપાઈ, ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું. ત્યારબાદ રાષ્ટ્રપતિ દૌપદી મુર્મૂ અને રાષ્ટ્રપતિ પુતિને રાષ્ટ્રપતિ ભવનમાં એક બીજાને બંને દેશોના ગણમાન્ય વ્યક્તિઓ સાથે પરિચય કરાવ્યો. ત્યાંથી તેઓ રાજઘાટ પહોંચ્યા.

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### સરકારે કહ્યું- જરૂર પડે તો ટ્રિબ્યુનલ પાસે જાઓ

# વક્ફ સંપત્તિઓના રજિસ્ટ્રેશન માટે વધુ ૩ મહિનાનો ગ્રેસ પિરિયડ અપાયો

## દેશમાં હજુ પણ લાખો સંપત્તિઓ પોર્ટલ પણ નોંધાઈ નથી

(SSS) નવી દિલ્હી

ઉમ્મીદ પોર્ટલ પર વક્ફ સંપત્તિઓને રજિસ્ટર કરવાનો છ મહિનાનો સમયગાળો શુક્રવારે (૫ ડિસમેબ્ર) સમાપ્ત થઈ રહ્યો છે. પરંતુ, લાખો સંપત્તિઓ હજુ પણ રજિસ્ટ્રેશનથી બહાર છે. એવામાં તેમને રાહત આપતા કેન્દ્ર સરકારે વક્ફ સંપત્તિઓની નોંધણી માટે ૩ મહિનાની રાહત આપવાનો નિર્ણય લીધો છે.

અલ્પસંખ્યક મામલાના મંત્રી કિરેન રિજિજૂએ કહ્યું કે, આજે વક્ફ સંપત્તિ રજિસ્ટ્રેશનનો છેલ્લો દિવસ છે. આખા દેશમાં હજુ પણ લાખો સંપત્તિઓ પોર્ટલ પણ નોંધાઈ નથી. અનેક સાંસદ, સામાજિક નેતા અને વક્ફ સાથે જોડાયેલા પ્રતિનિધિ મને મળ્યા અને સમય વધારવાની માંગ કરી. સુપ્રીમ કોર્ટના આદેશના કારણે આ આ સમયમર્યાદા સીધી રીતે વધારી નથી શકતા. પરંતુ, જે લોકોએ પ્રયાસ કર્યા અને કોઈ કારણોસર રજિસ્ટ્રેશન નથી થઈ શક્યું, તેમની સામે ત્રણ મહિના સુધી કોઈ કડક કાર્યવાહી કરવામાં નહીં આવે અને કોઈ પેનલ્ટી કે દંડ નહીં લાગે. તેમણે જણાવ્યું કે, અત્યાર સુધી ૧,૫૧,૦૦૦થી વધુ વક્ફ સંપત્તિઓનું રજિસ્ટ્રેશન થઈ ચુક્યું છે. જેમાં કર્ણાટક (૫૦,૮૦૦), પંજાબ, જમ્મુ-કાશ્મીર અને અનેક અન્ય રાજ્યોએ સારૂ પ્રદર્શન કર્યું છે. વળી, અમુક મોટા રાજ્યોમાં રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ધીમી રહી. અનેક ક્ષેત્રોમાંથી ફરિયાદ મળી કે, ઉમ્મીદ પોર્ટલ ધીમું રહ્યું હતું અથવા લોકોની પાસે જરૂરી દસ્તાવેજ નહતા. અમે ઈચ્છીએ છીએ કે, કોઈપણ વ્યક્તિ કોઈપણ મુશ્કેલી વિના પોતાની વક્ફ સંપત્તિ રજિસ્ટર કરાવી શકે. તેથી ત્રણ મહિના સુધી કોઈ કડક કાર્યવાહી કરવામાં નહીં આવે. મંત્રી રિજિજૂએ સ્પષ્ટ કર્યું કે, સુપ્રીમ કોર્ટે છ મહિનાની સમયમર્યાદા નક્કી કરી હતી અને કેન્દ્ર સરકાર તેને સીધી રીતે વધારી શકતી નથી. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યું હતું કે, ૬ મહિનાની સમયમર્યાદા બાદ તારીખ આગળ વધારી નહીં શકાય. પરંતુ, ટ્રિબ્યુનલ પાસે અધિકાર છે કે, તે સ્થિતિ સમજીને છ મહિનાથી વધુના સમયે રાહત આપી શકે છે. તેથી જેને મુશ્કેલી થઈ, તે વક્ફ ટ્રિબ્યુનલનો સંપર્ક કરે. કેન્દ્ર સરકાર હંમેશા લોકોની મદદ કરવા માટે તૈયાર છે. પરંતુ, વક્ફ સંશોદન કાયદો સંસદે પસાર કર્યો છે, તેથી તેમાં બદલાવ સ્વયં કરી શકતા નથી. કિરેન રિજિજૂએ કહ્યું કે, મારૂ વચન છે, જે લોકો આજની તારીખ સુધી રજિસ્ટ્રેશનનો પ્રયાસ કરી રહ્યા છે, તેમને આવતા ત્રણ મહિના સુધી કોઈ તકલીફ નહીં પડે. અમે દરેક શક્ય સહયોગ આપીશું. જોકે, અમુક રાજ્યોએ સમયસર મદદ ન કરી અને જનતામાં જાગૃતિ ન ફેલાવી તેથી લોકોને સમસ્યાનો સામનો કરવો પડ્યો. હું દરેક રાજ્ય સરકારોને અપીલ કરૂ છું કે, તેઓ આગળથી તમામ જવાબદારી નિભાવે જેથી વક્ફ સંપત્તિના રજિસ્ટ્રેશનમાં પારદર્શિતા આવે અને ભવિષ્યમાં કોઈને મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

### ભારતમાં પુતિનની જાહેરાતથી અમેરિકાને આંચકો

# ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ, નવો કોરિડોર અને ડોલરને બાય બાય

(GNS) નવી દિલ્હી

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન બે દિવસની ભારતની મુલાકાતે આવ્યા છે. ભારત યાત્રાના બીજા દિવસે તેમણે વડાપ્રધાન મોદી સાથે દ્વિપક્ષીય બેઠક યોજી જેમાં વેપાર સહિત અનેક મુદ્દે બંને દેશો વચ્ચે કરાર થયા. બેઠક બાદ પુતિને કહ્યું કે, અમે ભારતને ન્યુક્લિયર રિએક્ટર ટેક્નોલોજીની ઓફર આપી છે. વ્લાદિમીર પુતિને કહ્યું, કે ગયા વર્ષે બંને દેશોના વેપારના ટર્નઓવરમાં ૧૨ ટકાનો વધારો થયો. અમે કોઈ પણ અડચણ વિના વધતી ભારતીય અર્થવ્યવસ્થા માટે ઈંધણના શિપમેન્ટ માટે તૈયાર છીએ. અમે કુડનકુલમમાં ભારતના સૌથી મોટા ન્યુક્લિયર પાવર પ્લાન્ટ બનાવવાના પ્રોજેક્ટમાં પણ કામ કરી રહ્યા છીએ. પુતિને વધુમાં કહ્યું, કે અમે ભારત સાથે મળીને નવો ઈન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ અને લોજિસ્ટિક રૂટ બનાવવા માટે કામ કરી રહ્યા છીએ. જેમાં રશિયા અને બેલારૂસથી હિન્દ મહાસાગર સુધી ઈન્ટરનેશનલ ઉત્તર-દક્ષિણ ટ્રાન્સપોર્ટ કોરિડોર સામેલ છે. પુતિને કહ્યું, કે વડાપ્રધાન મોદીએ અમને એ પડકારોની યાદી આપી છે જેના પર બંને સરકારોએ ધ્યાન આપવાની જરૂર છે, અમે તેના પર કામ કરીશું. ભારત અને યુરેશિયન ઈકોનોમિક યુનિયન વચ્ચે એક ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટથી મદદ મળશે. ભારત અને રશિયા ધીમે ધીમે દ્વિપક્ષીય પેમેન્ટ માટે નેશનલ કરન્સીના ઉપયોગ તરફ આગળ વધી રહ્યા છે. બંને દેશો વચ્ચે વેપાર ૧૦૦ બિલિયન ડોલરથી પણ વધુ લઈ જવાનો વિચાર કરી રહ્યા છીએ. નોંધનીય છે કે હાલ મોટા ભાગે તમામ દેશો અમેરિકન ડોલરમાં જ એક બીજા સાથે વેપાર કરે છે. એવામાં પુતિને નેશનલ કરન્સીથી એટલે ભારતીય રૂપિયા અને રશિયન રૂબલથી વેપારની જાહેરાત કરતાં અમેરિકાને મોટો આંચકો લાગશે. અગાઉ પણ આ જ મુદ્દે ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણીભર્યા સ્વરમાં ભારત સહિત બ્રિક્સ દેશોને ધમકી આપી હતી કે ડોલરના બદલે બીજી કરન્સીમાં વેપારનું વિચારતા પણ નહીં. આ સિવાય ડોનાલ્ડ ટ્રમ્પ છેલ્લા ઘણા સમયથી વેપારને લઈને ભારત સહિત દુનિયાના અનેક દેશો પર દબાણ બનાવી રહ્યા છે. તેમણે ભારત પર ભારેખમ ટેરિફ પણ ઝીંક્યો છે. ઘણા પ્રયાસો છતાં ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થઈ શકી નથી. એવામાં પુતિને ભારત અને યુરેશિયન ઈકોનોમિક યુનિયન વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટની ચર્ચા જગાવી છે.

### ૨૧ તોપોની સલામી બાદ રાજઘાટ પહોંચ્યા પુતિન

# પુતિને મહાત્મા ગાંધીજી વિશે સંદેશ લખી સૌના દિલ જીતી લીધાં

## પુતિને કહ્યું કે મહાત્મા ગાંધીએ તેમના સમયમાં જ નવા, વધુ ન્યાયપૂર્ણ વર્લ્ડ ઓર્ડરનો અંદાજ લગાવી લીધો હતો

(SSS) નવી દિલ્હી

ભારતની મુલાકાતે આવેલા રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને શુક્રવારે રાજઘાટ ખાતે જઈને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે તેમણે ગાંધીજીના સિદ્ધાંતોને યાદ કર્યા અને મુલાકાતી પુસ્તિકામાં એક લાંબો સંદેશ લખ્યો. પ્રમુખ પુતિનને શુક્રવારે સૌ પ્રથમ પ્રમુખ ભવન ખાતે ૨૧ તોપોની સલામી સાથે 'ગાર્ડ ઓફ ઓનર' આપવામાં આવ્યું હતું. ત્યારબાદ, તેઓ મહાત્મા ગાંધીના સમાધિ સ્થળ રાજઘાટ પહોંચ્યા. અહીં તેમણે ફૂલમાળા ચઢાવીને ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને પછી વિઝિટર્સ બુકમાં સંદેશ લખ્યો. આ તેમની યાત્રાના દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવાના એજન્ડાનો એક ભાગ હતો. મહાત્મા ગાંધીના સમાધિ સ્થળ પરની વિઝિટર્સ બુકમાં પુતિને બહુધ્રુવીયતાનો સંદેશ આપ્યો. પુતિને કહ્યું કે મહાત્મા ગાંધીએ તેમના સમયમાં જ નવા, વધુ ન્યાયપૂર્ણ વર્લ્ડ ઓર્ડર નો અંદાજ લગાવી લીધો હતો, જે અત્યારે આકાર લઈ રહ્યો છે. વિઝિટર્સ બુકમાં પુતિને લખ્યું કે "આજના ભારતીય રાજ્યના સ્થાપકોમાંના એક, મહાન દાર્શનિક અને માનવતાવાદી મહાત્મા ગાંધીએ આપણી દુનિયા માટે નેતૃત્વના મુદ્દા પર એક મોટું યોગદાન આપ્યું. આઝાદી, ભલાઈ અને પરોપકાર પરના તેમના વિચારો આજે પણ કારગર છે."

પુતિને તેમના સંદેશમાં નવા વિશ્વ વ્યવસ્થા ને યાદ કરતા ગાંધીજીના સંદેશની ચર્ચા કરી. તેમણે લખ્યું કે આ જ સિદ્ધાંતો અને મૂલ્યો છે જેનું રશિયા અને ભારત આજે આંતરરાષ્ટ્રીય મંચ પર સન્માન કરે છે અને સહયોગ કરે છે. રાજઘાટની મુલાકાત બાદ પ્રમુખ પુતિન નવી દિલ્હી સ્થિત હૈદરાબાદ હાઉસ પહોંચ્યા, જ્યાં તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય બેઠક કરી અને સંયુક્ત નિવેદન જારી કર્યું. આ દરમિયાન, વડા પ્રધાન મોદીએ રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનને સ્પષ્ટપણે જણાવ્યું કે ભારત યુક્રેન યુદ્ધમાં તટસ્થ નથી, પરંતુ તે શાંતિના પક્ષમાં છે. પીએમ મોદીએ પુતિનની એક દૂરંદેશી નેતા તરીકે પ્રશંસા કરી અને ભારપૂર્વક જણાવ્યું કે "આ શાંતિનો યુગ છે." પુતિને શુક્રવારે રાજઘાટ ખાતે જઈને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.


**AHMEDABAD MUNICIPAL CORPORATION**
**ELECTRICAL DEPARTMENT**
**E-Short Tender Notice**

Rate Contract for Supply of horizontal open well submersible pump sets with starter panel.

| | |
|---|---|
| Last date of online tender Submission | Dt:-16/12/2025 upto 18:00 Hrs. |
| Last date of tender Submission (Hard Copy) | Dt:-17/12/2025 upto 16:00 Hrs. |
| Details & Tender available on | tender.nprocure.com |








મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઊંઝા ખાતે ૧૦ વીઘાના વિશાળ કેમ્પસમાં નિર્માણ પામનાર અત્યાધુનિક મેનાબા રોટરી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનું ખાત મુહૂર્ત કર્યુ હતું.

### તેના દરવાજા પર કટાયેલા તાળાં લટકી રહ્યા છે

# છોટાઉદેપુરમાં લોકાર્પણના અભાવે જિલ્લાના ૧૦થી વધુ આરોગ્ય કેન્દ્ર ધૂળ ખાય છે

## પેટા આરોગ્ય કેન્દ્રો આજે પણ ગ્રામજનોની સેવામાં આવ્યા વિના ધૂળ ખાઈ રહ્યા છે અને તેના દરવાજા પર કટાયેલા તાળાં લટકી રહ્યા છે

**(GNS)** છોટાઉદેપુર

ગ્રામ્ય સ્તર સુધી ઉત્તમ આરોગ્ય સેવાઓ પહોંચાડવાના સરકારના ઉદ્દેશ્યને છોટાઉદેપુર જિલ્લાના અધિકારીઓની ઘોર બેદરકારી ગ્રહણ લગાવી રહી છે. કરોડો રૂપિયાના ખર્ચે 'આયુષ્યમાન આરોગ્ય મંદિર' હેઠળ તૈયાર થયેલા અનેક પેટા આરોગ્ય કેન્દ્રો આજે પણ ગ્રામજનોની સેવામાં આવ્યા વિના ધૂળ ખાઈ રહ્યા છે અને તેના દરવાજા પર કટાયેલા તાળાં લટકી રહ્યા છે.બોડેલી તાલુકામાં જ અંદાજે ૧૦ જેટલાં આરોગ્ય કેન્દ્રો સંપૂર્ણપણે તૈયાર હોવા છતાં તેનું લોકાર્પણ થયું નથી. જેને કારણે ગ્રામજનોને પોતાના જ ગામમાં મળવાપાત્ર પ્રાથમિક આરોગ્ય સુવિધાઓથી વંચિત રહેવું પડી રહ્યું છે.બોડેલી તાલુકાના નાના અમાદ્રા ગામમાં પેટા આરોગ્ય કેન્દ્ર તૈયાર છે, તેમ છતાં આજે પણ ગામના લોકોને ૪ કિમી દૂર આવેલા અન્ય આયુષ્યમાન આરોગ્ય કેન્દ્ર પર જવું પડે છે. ગામના લોકો અને સરપંચો માત્ર એટલી જ રાહ જોઈ રહ્યા છે કે કોઈ અધિકારી આવીને રીબીન કાપી તેનું લોકાર્પણ કરે, જેથી તેનો ઉપયોગ શરૂ થઈ શકે.કાશીપુરા ગામના સરપંચના જણાવ્યા મુજબ, ગામમાં કેન્દ્ર તૈયાર હોવા છતાં તેનો ઉપયોગ ન થવાથી ગંભીર પરિસ્થિતિ ઊભી થાય છે. તેમણે જણાવ્યું હતું કે, "કોઈ સગર્ભા મહિલાને પ્રસુતિ પીડા ઉપડે, તો તેને તાત્કાલિક સારવાર મળવાને બદલે ૩ કિમી દૂર લઈ જવા માટે ૧૦૮ને બોલાવવી પડે છે. આયુષ્યમાન કેન્દ્રનો લાભ ગામમાં જ મળે તે માટે અમે વહેલી તકે લોકાર્પણ થાય તેવી માંગ કરી રહ્યા છીએ."સરકાર લાખો-કરોડોનો ખર્ચ ગ્રામ્ય વિસ્તારમાં પ્રાથમિક સુવિધા પહોંચાડવા માટે કરી રહી છે, પરંતુ અધિકારીઓની ઉદાસીનતા અને સમયનો અભાવ આ યોજનાના ઉદ્દેશ્યને નિષ્ફળ બનાવી રહ્યો છે.

હાલમાં જ્યાં આ પેટા આરોગ્ય કેન્દ્રો બનાવવામાં આવ્યા છે, તે ઈમારતો સુમસામ ભાસી રહી છે. કેન્દ્રની આસપાસ ઝાંડી-ઝાંખરા ઊગી નીકળ્યા છે અને બંધ દરવાજા પર લટકેલા તાળાં પણ કટાઈ રહ્યા છે. ગ્રામજનો માંગ કરી રહ્યા છે કે, સરકાર તાત્કાલિક આ બાબતે ધ્યાન આપીને સંબંધિત અધિકારીઓને લોકાર્પણની પ્રક્રિયા પૂર્ણ કરવાનો આદેશ આપે, જેથી ગ્રામ્ય વિસ્તારના લોકોને તેમના ગામમાં જ પાયાની આરોગ્ય સુવિધાનો લાભ મળી શકે. હવે જોવું એ રહ્યું કે, અધિકારીઓને આ લોકાર્પણ માટે 'સમય' મળે છે કે નહીં. છોટાઉદેપુરના જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પાઉલ વસાવાએ જણાવ્યું હતું કે, 'છોટાઉદેપુરમાં હાલમાં ૩૧૦ જેટલાં સબ સેન્ટર મંજૂર છે. જેમાંથી ૨૪૭ સેન્ટરમાં આરોગ્ય સુવિધા ચાલુ છે. ૨૩ જેટલાં નવા સબ સેન્ટરની કામગીરી ચાલી રહી છે. જેમાં ૪ જેટલાં સેન્ટરનું કામ પૂર્ણ થયું છે, જેનું આગામી ૩૧ ડિસેમ્બર સુધીમાં લોકાર્પણ કરવામાં આવશે. જ્યારે જર્જરીત અને ખંડેર હાલતમાં હોય તેવા ૩૬ જેટલા આરોગ્ય સેન્ટરને નવા બનાવવા માટે મંજૂરી મેળવવા સરકારને દરખાસ્ત કરી છે.'

### અમદાવાદ સુભાષ બ્રિજ તિરાડ વિવાદ

# ૩ મહિના પહેલાંના ઈન્સ્પેક્શનની પોલ સામે આવી, રિપોર્ટ જાહેર કરવા વિપક્ષની માગ

## વિપક્ષી નેતાઓએ સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે કોર્પોરેશન ઈન્સ્પેક્શનના દાવા કરે છે, પરંતુ તેના રિપોર્ટ્સ બહાર પાડવામાં આવ્યા નથી

**(SSS)** અમદાવાદ

અમદાવાદનો સુભાષ બ્રિજ અચાનક બંધ થતાં શહેરના નાગરિકોમાં ચિંતા અને અસંતોષ ફેલાયો છે. બ્રિજના મધ્ય ભાગમાં તિરાડ પડવાની જાણ થતાં જ AMCએ તાત્કાલિક રિપેરિંગ અને ડિટેઈલ ઈન્સ્પેક્શન માટે ૪ ડિસેમ્બરથી પાંચ દિવસ માટે બ્રિજને જાહેર જનતાની અવરજવર માટે બંધ કરી દીધો છે. માત્ર બ્રિજ જ નહીં, પરંતુ તેની નીચેનો રિવરફ્રન્ટ પરનો રસ્તો પણ પોલીસે બંધ કરી દીધો છે, જેના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી રહી છે અને વૈકલ્પિક રૂટ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ છે. આ સમગ્ર ઘટનાએ AMC દ્વારા બ્રિજોની જાળવણી અને ઈન્સ્પેકશનની પ્રક્રિયા પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. આશ્ચર્યની વાત એ છે કે, માત્ર ત્રણ મહિના પહેલાં જ આ બ્રિજનું ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હોવા છતાં તેમાં તિરાડ કેવી રીતે પડી? વિપક્ષી નેતાઓએ સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે કોર્પોરેશન ઈન્સ્પેક્શનના દાવા કરે છે, પરંતુ તેના રિપોર્ટ્સ બહાર પાડવામાં આવ્યા નથી. હાઈકોર્ટના આદેશ છતાં, મોનસૂન પહેલાં અને પછીના ઈન્સ્પેક્શનના રિપોર્ટ્સ જાહેર ન થતાં સત્તાવાળાઓની કામગીરી સામે શંકા પેદા થઈ છે. વિપક્ષના નેતાએ આક્ષેપ કર્યો છે કે કોર્પોરેશન માત્ર "વિઝ્યુઅલ ઈન્સ્પેક્શન" કરીને જનતાને ગેરમાર્ગે દોરી રહી છે. તેમના મતે, હેમરિંગ ટેસ્ટ, લોડ ટેસ્ટ, વાઈબ્રેશન ટેસ્ટ જેવા કોઈ ટેકનિકલ ટેસ્ટ કરવામાં આવ્યા નથી. જો આવા ટેસ્ટ કરાયા હોત, તો બ્રિજની આ હાલત ન થઈ હોત. વિપક્ષે તમામ ૮૨ બ્રિજના ઈન્સ્પેક્શન રિપોર્ટ જાહેર કરવાની માંગ કરી છે. નાગરિકોમાં પણ અસંતોષ છે કે શું વાસ્તવિક ટેક્નિકલ ચકાસણી કરવામાં આવી હતી કે નહીં. ઈન્સ્પેક્શન માટે ચોરસ મીટર દીઠ ૧૨૦ રૂપિયાના ખર્ચે ચાર કંપનીઓ એક જ ભાવમાં કામ કરવા તૈયાર હતી, જે પ્રક્રિયાની પારદર્શકતા પર શંકા ઊભી કરે છે. જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીને આ સમગ્ર ઘટના અંગે સવાલો પૂછવામાં આવ્યા, ત્યારે તેઓ વિપક્ષના આક્ષેપો કે જૂના ઈન્સ્પેકશન રિપોર્ટની પારદર્શકતા મુદ્દે કોઈ સ્પષ્ટ જવાબ આપી શક્યા નહીં. તેમનું સતત એક જ રટણ રહ્યું કે, "રિપોર્ટ આવ્યા બાદ નિર્ણય લેવાશે." આજે શુક્રવારે, તેમણે જણાવ્યું હતું કે હાલ પાંચ દિવસ માટે બ્રિજ બંધ કરાયો છે, પરંતુ રિપોર્ટના તારણ બાદ વધુ સમય માટે બંધ રાખવો કે નહીં તે અંગે નિર્ણય લેવાશે. સાથે જ તેમણે ખાતરી આપી હતી કે વાહનચાલકોને હાલાકી ન પડે તે માટે ટ્રાફિક પોલીસનો બંદોબસ્ત ગોઠવાશે.બ્રિજ બંધ થતાં ગઈકાલે ગુરુવારે જ ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો. આ મુદ્દે પોલીસ કમિશ્નર જી. એસ. માલિકે સ્થળની મુલાકાત લીધી હતી અને મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે ટ્રાફિક વ્યવસ્થા અંગે ચર્ચા કરી હતી. સુભાષ બ્રિજની નીચેનો રિવરફ્રન્ટનો રસ્તો પણ બંધ કરાતાં લોકોને બેવડી હાલાકી પડી રહી છે. ટ્રાફિક પોલીસ સાથે સંકલન કરીને નગરજનોને તકલીફ ન પડે તે માટે એડિશનલ ટ્રાફિક ફોર્સ તૈનાત કરાશે.AMCના સૂત્રો મુજબ, માર્ચ ૨૦૨૫ પછી ૧૬ બ્રિજ અને બે ફૂટ ઓવરબ્રિજ માટે ડિસ્ટ્રક્ટિવ અને નોન-ડિસ્ટ્રક્ટિવ ટેસ્ટિંગ સહિત વિગતવાર ઈન્સ્પેક્શન કરવામાં આવ્યા હતા. જોકે, સુભાષ બ્રિજ આ વિગતવાર ટેસ્ટ થયેલા પુલોની યાદીમાં સામેલ હતો કે કેમ, તે અંગે કોઈ સ્પષ્ટ સત્તાવાર માહિતી જાહેર કરાઈ નથી. એક રિપોર્ટ મુજબ, ૨૦૨૪માં ૬૯ સ્ટ્રક્ચર્સના પ્રારંભિક રિપોર્ટના આધારે જાળવણી શરુ કરવામાં આવી હતી, જેને ૧૫ મહિનાના સમારકામ બાદ ફરીથી હેવી વાહનો માટે બંધ કરવો પડ્યો હતો. હવે સુભાષ બ્રિજમાં તિરાડ પડવાની ઘટનાએ સવાલ ઊભો કર્યો છે કે શું આ અમદાવાદના બ્રિજોની જાળવણીમાં થઈ રહેલી વહીવટી અને ટેકનિકલ બેદરકારીનું પ્રતિબિંબ તો નથી ને? નગરજનો અને વિપક્ષની માંગ છે કે કોર્પોરેશન તાત્કાલિક તમામ બ્રિજોના ઈન્સ્પેક્શન રિપોર્ટ જાહેર કરે અને બ્રિજની ગુણવત્તા ચકાસણી પ્રક્રિયામાં પારદર્શિતા લાવે, જેથી ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના ટાળી શકાય.

### મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિત

# કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે અમદાવાદમાં સ્વદેશોત્સવનું ઉદ્‌ઘાટન

## ગૃહમંત્રીએ ઉદ્‌ઘાટન સમારોહ બાદ સ્વદેશી શક્તિના પ્રતીક સમી સ્વાનુભૂતિ પ્રદર્શની પણ ખુલ્લી મુકી હતી

**(SSS)** અમદાવાદ

ભારતને આત્મનિર્ભર બનાવવાની વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની સંકલ્પનાને આગળ ધપાવતા સ્વદેશોત્સવ ૨૦૨૫નું કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે શુક્રવારે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી મેદાન ખાતે ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ રાષ્ટ્રવ્યાપી એક્સ્પો ૦૫ ડિસેમ્બર, ૨૦૨૫ થી ૦૯ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ચાલશે. ગૃહમંત્રીએ ઉદ્ઘાટન સમારોહ બાદ સ્વદેશી શક્તિના પ્રતીક સમી સ્વાનુભૂતિ પ્રદર્શની પણ ખુલ્લી મુકી હતી.

જ્ઞાન અને જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્યથી મહત્ત્વના વિવિધ વિષયો પર વિશેષ સેમિનારોનું આયોજન આ સ્વદેશોત્સવમાં કરવામાં આવ્યું છે. તદઅનુસાર, ૦૫ ડિસેમ્બરના રોજ, સ્વદેશોત્સવના પ્રથમ દિવસે પર્યાવરણ સંકલ્પ સંમેલન, ૦૬ ડિસેમ્બરે સ્ટાર્ટઅપ્સ ઉડાન ૨૦૨૫ અને સ્વદેશી સંકલ્પ અભિયાન પર સેમિનાર યોજાશે. ૦૭ ડિસેમ્બરે માતૃશક્તિની ભૂમિકા અને સાયબર સિક્યુરિટી અવેરનેસ જેવા મહત્ત્વના વિષયો પર સત્રો યોજાવાના છે. ૦૮ ડિસેમ્બરે આયુર્વેદ અને સ્વાસ્થ્ય તથા **Intellectual Property Rights** પર અને ૦૯ ડિસેમ્બરે પ્રાકૃતિક ખેતી, ઓર્ગેનિક ખેતી જેવા વિષયો પર સત્રો યોજાશે. મહોત્સવ દરમિયાન દરરોજ સાંજે ૭:૦૦ થી ૧૦:૦૦ વાગ્યા સુધી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. ગુજરાત યુનિવર્સિટી મેદાન ખાતે આયોજિત આ મહોત્સવ જ્ઞાન, કલા અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહિત કરવાનો અવસર પૂરો પાડશે. આ અવસરે સ્વર્ણિમ જાગરણ મંચના પદાધિકારીઓ પણ જોડાયા હતા.

### સામે આવી મોટી જાણકારી

# ગુજરાતમાં SIR પ્રક્રિયા વચ્ચે ૫૩ લાખ નામ કપાઈ જશે

**(SSS)** ગાંધીનગર

ગુજરાતમાં ચાલી રહેલી મતદાર યાદી શુદ્ધિકરણ ઝુંબેશ દરમિયાન સામે આવ્યું કે રાજ્યભરમાં વર્તમાન મતદાર યાદીમાં ૧૭ લાખથી વધુ મૃતક મતદાતા હજુ પણ સામેલ છે. આ વાત ચીફ ઈલેક્ટોરલ ઓફિસર (CEO)ની ઓફિસ દ્વારા એક અખબારી યાદીમાં કહેવામાં આવી છે. જેમાં કહેવામાં આવ્યું કે ગુજરાતમાં SIRની આ એક્સરસાઈઝ ૪ નવેમ્બરે બુથ લેવલ ઓફિસર દ્વારા પોતાના નક્કી વિસ્તારમાં ગણતરી ફોર્મ વેચવાની સાથે શરૂ થઈ અને આ કાર્યવાહી ૧૧ ડિસેમ્બર સુધી ચાલશે. તેમાં કહેવામાં આવ્યું- છેલ્લા એક મહિનામાં ૨૦૨૫ની મતદાર યાદીમાં નોંધાયેલા ૫ કરોડથી વધુ મતદાતાને ગણતરી ફોર્મ આપવામાં આવ્યા છે. મોટા ભાગના ૩૩ જિલ્લામાં ૧૦૦ ટકા ફોર્મ વહેંચવાનું કામ થઈ ગયું છે. હવે પરત આવેલા ફોર્મના ડિજિટાઈઝેશનનું કામ ચાલી રહ્યું છે. અત્યાર સુધી ૧૮૨માંથી ૧૨ વિધાનસભા સીટો પર ડિજિટાઈઝેશનનું કામ પૂર્ણ થઈ ગયું છે. જે વિધાનસભા ક્ષેત્રમાં ડિજિટાઈઝેશનનું કામ થઈ ગયું છે, તેમાં બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને થરાદ, દાહોદ જિલ્લાના લિમખેડા, દાહોદ (ST), અરવલ્લી જિલ્લાની બાયડ, રાજકોટ જિલ્લાની ધોરાજી, જસદણ અને ગોંડલ, જૂનાગઢ જિલ્લાની કેશોદ, ખેડા જિલ્લાની મહેમદાબાદ, આણંદ જિલ્લાની ખંભાત અને નવસારી જિલ્લાની વિધાનસભા સામેલ છે. અખબારી યાદી પ્રમાણે ડાંગ જિલ્લો આ કામમાં સૌથી આગળ છે. જ્યાં કાઉન્ટિંગ ફોર્મનું ૯૪.૩૫ ટકા ડિજિટાઈઝેશન થઈ ગયું છે. રિલીઝમાં કહેવામાં આવ્યું કે, આ દરમિયાન સામે આવ્યું કે રાજ્યમાં ૧૭ લાખ મૃતકો હજુ પણ મતદાર યાદીમાં સામેલ છે. જ્યારે ૬.૧૪ લાખથી વધુ મતદાતા પોતાના સરનામા પરથી ગાયબ થઈ ગયા છે. તે સામે આવ્યું કે ૩૦ લાખથી વધુ મતદાતા હંમેશા માટે જતા રહ્યાં છે.રિલીઝમાં કહેવામાં આવ્યું કે BLOને ૩.૨૫ લાખથી વધુ મતદાતા રિપીટેડ કેટેગરીમાં મળ્યા, જેનો અર્થ છે કે તેના નામ એકથી વધુ જગ્યાઓ પર છે.

### ગુજરાત બોર્ડનો મોટો છબરડો

# ધુળેટીના દિવસે ગોઠવી પરીક્ષા! વાલી-વિદ્યાર્થીઓમાં નારાજગી

## ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓ માટે ૪ માર્ચે વિવિધ વિષયોના પેપરો જાહેર રજાના દિવસે રાખવામાં આવતા ભારે નારાજગી

**(GNS)** ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો ફરી એક છબરડો સામે આવ્યો છે. રંગોના તહેવાર ધુળેટીના દિવસે જ પરીક્ષાનું પેપર મુકાતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. બોર્ડ દ્વારા જાહેર રજાના દિવસે પરીક્ષા ગોઠવવાનો નિર્ણય ચર્ચાનો વિષય બની ગયો છે.

માહિતી મુજબ ૪ માર્ચે ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે સામાજિક વિજ્ઞાન વિષયનું પેપર લેવામાં આવશે. જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ઈતિહાસનું પેપર પણ એ જ દિવસે રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત, ધૂળેટીના દિવસે અર્થશાસ્ત્ર અને નામાના મૂળતત્ત્વોના પેપર પણ મુકાયા છે, જેના કારણે વિદ્યાર્થીઓમાં ગૂંચવણ અને અસંતોષ વધી ગયો છે. વિશેષ નોંધનીય છે કે વર્ષ ૨૦૨૩માં પણ બોર્ડે ચેટી ચાંદના દિવસે પરીક્ષાનું આયોજન કર્યું હતું, પરંતુ વિદ્યાર્થીઓ અને વાલીઓના ભારે વિરોધ બાદ બોર્ડને નિર્ણય બદલવો પડ્યો હતો. ત્યારે બોર્ડે ભૂલ સ્વીકારી શેડ્યૂલમાં ફેરફાર કર્યો હતો. આ વખતે પણ જાહેર રજાના દિવસે પરીક્ષા ગોઠવાતા વિદ્યાર્થીઓમાં અસંતોષ વ્યાપ્યો છે. ઘણા વિદ્યાર્થીઓનો પ્રશ્ન છે કે ઉત્સવના દિવસે પરીક્ષાની ચિંતા વચ્ચે તેઓ કેવી રીતે તૈયારીઓ કરી શકશે. વાલીઓએ પણ બોર્ડને વિદ્યાર્થીઓની ભાવનાઓ સમજતા સમયપત્રકમાં જરૂરી બદલાવ કરવાની માંગ કરી છે.

### દારૂનું દૂષણ રોકવા આગળ આવી છાપરા ગ્રામ પંચાયત

# ગામમાં જે દારૂ વેચશે કે દારૂ પીશે તેને પંચાયતની કોઈ સેવાનો લાભ મળશે નહીં

**(SSS)** બનાસકાંઠા,

બનાસકાંઠાના પાલનપુરની છાપરા ગ્રામ પંચાયતએ દારૂબંધીને લઈને અનોખો નિર્ણય કરયો છે. ગામમાં કોઈ પણ વ્યક્તિને દારૂ ગાળવા કે દારૂ વેચવા પર પંચાયતે પ્રતિબંધ લગાવ્યો છે. જો કોઈ વ્યક્તિ દારૂ ગાળતો કે દારૂ વેચાણ કરતો ઝડપાશે તો ગ્રામપંચાયતની તમામ સેવાઓ તે વ્યક્તિ માટે બંધ કરવા માટે નિર્ણય કરાયો છે. ગામમાં દારૂની ભઠ્ઠી પણ ઝડપાશે કે કોઈ બહારથી દારૂ પીને આવશે તો તેને પણ પંચાયત દ્વારા મળતી સેવાઓ બંધ કરી દેવાનો પણ નિર્ણય કરાયો છે. બનાસકાંઠામાં છેલ્લા ઘણા દિવસથી દારૂ ડ્રગ્સ સહિતની બદીને લઈને મામલો ગરમાયો છે. દારૂને લઈને રાજકીય પક્ષો પણ સામસામે આવ્યા છે ત્યારે દારૂ જેવા મુદ્દાઓને લઈને ગામડાઓ પણ આ બદી ને રોકવા માટે અલગ અલગ કડક નિયમો બનાવી રહ્યા છે. ત્યારે પાલનપુરની છાપરા ગ્રામ પંચાયતમાં દારૂની બદી રોકવા માટે અનોખો નિર્ણય કરાયો છે. દારૂના કારણે છાપરા ગામમાં અનેક લોકોના ઘર બરબાદ થયા છે અને યુવાનો દારૂના લતે ચડ્યા છે. છાપરા ગ્રામ પંચાયત દ્વારા એક અનોખો નિર્ણય કરવામાં આવ્યો છે જે કોઈ વ્યક્તિ દારૂ પીશે તેને પંચાયતની સેવામાંથી બાકાત રાખવામાં આવશે. તેમજ ગામમાં કોઈ દારૂની ભઠ્ઠી પણ ચલાવતો હશે તેને પણ ગ્રામ પંચાયતની સેવાઓ આપવામાં નહીં આવે તેવો નિર્ણય ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે છાપરા ગામમાં દારૂના કારણે થોડા સમય અગાઉ એક યુવાનનું મોત થયું હતું. જેમાં ત્રણ બાળકોની માતા વિધવા બની હતી. ત્યારે અનેક યુવાનો બરબાદ થયા છે અનેક ઘર બરબાદ થયા છે.

ગ્રામ પંચાયત દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે અને દારૂની બદી બંધ થાય તે માટે બધા લોકોએ ભેગા મળીને આ નિર્ણય કર્યો છે, ત્યારે આ નિર્ણયને લઈને ગ્રામજનો નું કહેવું છે કે દારૂ રોકવા માટે ઘણા સમયથી પ્રયત્નો કરવામાં આવે છે પરંતુ દારૂનું દુષણ દૂર થતું નહોતું ત્યારે હવે આ કડક નિર્ણય કરવામાં આવ્યો છે.

### લગ્ન નોંધણી દીઠ તેઓ ૨૫૦૦ રૂપિયા લેતા હતા

# કણજીપાણી ગ્રામ પંચાયતના તલાટીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરાયા

**(SSS)** પંચમહાલ,

પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકાના કણજીપાણી ગ્રામ પંચાયતના તલાટી અર્જુન મેઘવાલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મોટી સંખ્યામાં લગ્ન નોંધણી કરીને લાખો રૂપિયા કમાયા હોવાનો વીડિયો વાયરલ થયા બાદ જિલ્લા વિકાસ અધિકારી (DDO) દ્વારા આ આકરી કાર્યવાહી કરવામાં આવી છે.પ્રાપ્ત વિગતો મુજબ, કણજીપાણી ગ્રામ પંચાયતના તલાટી અર્જુન મેઘવાલનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ વીડિયોમાં તેઓ પોતે કબૂલાત કરતા જોવા મળ્યા હતા કે તેમણે એક જ વર્ષમાં અંદાજે ૨૦૦૦ જેટલા લગ્નની નોંધણી કરી છે. વીડિયોમાં તેઓ એવું પણ કહેતા સંભળાયા હતા કે, એક લગ્ન નોંધણી દીઠ તેઓ ૨૫૦૦ રૂપિયા લેતા હતા અને આ રીતે તેમણે કુલ ૫૦ લાખ રૂપિયા કમાઈને રાજસ્થાનમાં જમીન પણ ખરીદી છે.આ મામલે પટેલ સમાજના એસપીજી ગ્રુપના અધ્યક્ષ લાલજી પટેલે મીડિયા સમક્ષ ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાંથી લોકો અહીં આવે છે અને કણજીપાણીના તલાટી ખોટી રીતે લગ્ન નોંધણી કરી રહ્યા છે. આ બાબત સામે આવતા જ તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. મીડિયા અહેવાલો અને વાયરલ વીડિયોને ગંભીરતાથી લઈ પંચમહાલ જિલ્લા વિકાસ અધિકારીએ તાત્કાલિક અસરથી તલાટી અર્જુન મેઘવાલને સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો છે. આ ઉપરાંત, સમગ્ર પ્રકરણની ઊંડાણપૂર્વક તપાસ કરવા માટેના આદેશ પણ આપવામાં આવ્યા છે.

# વેરાવળ બંદર નજીક અરબી સમુદ્રમાં બોટ દુર્ઘટના ઘટી

**(GNS)** ગીર સોમનાથ

ગીર સોમનાથ વેરાવળ બંદર નજીક અરબી સમુદ્રમાં બોટ દુર્ઘટનામાં એક માછીમારનું મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે. માછીમારી કરીને પરત ફરતી વખતે ફિશિંગ ટ્રોલર બોટ ઓવરલોડેડ હોવાના કારણે પટલી મારી ગઈ હતી. જેમાં એક ખલાસીનું ડૂબવાથી મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય ત્રણ ખલાસીને રેસ્ક્યૂ કરીને બચાવી લેવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ, વેરાવળ બંદર નજીક અરબી સમુદ્રમાં ગત ૪ ડિસેમ્બરના રોજ વેરાવળ જાલેશ્વરથી ૨ નોટિકલ માઈલ સમુદ્રમાં 'શ્રી ભવાની કૃપા' નામની બોટ પલટી ખાઈ ગઈ હતી. જેમાં માછીમારી કરીને પરત આવતા ખલાસીની બોટમાં ઓવરલોડ થવાના કારણે પટલી હતી. જેમાં માછલી પકડવાની જાળમાં ફસાઈ જવાથી અને ઢગલા નીચે દટાવાથી અરવિંદ ભારાવાલા નામના ખલાસીનું મોત થયું હતું. સમગ્ર ઘટનાનો વીડિયો સામે આવ્યો છે. જાળમાં બહોળા પ્રમાણમાં માછલી આવતા બોટ ઓવરલોડેડ હોવાના કારણે પલટી હતી.

### દેશના ગ્રોથ એન્જિન ગુજરાતની વધુ એક સિદ્ધિ

# ગુજરાતમાં માથાદીઠ આવક પહેલી વાર રૂ.૩ લાખને પાર

## સપ્ટેમ્બરમાં પૂરા થયેલા બીજા ક્વાર્ટરમાં ભારતનો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) ગ્રોથ ૮.૨% નોંધાયો છે

**(SSS)** ગાંધીનગર

દરેક ક્ષેત્રમાં સતત આગળ વધી રહેલા ગુજરાતે વધુ એક સિદ્ધિ મેળવી છે. ગુજરાતની માથાદીઠ આવક પહેલી વાર રૂ.૩ લાખને પાર થઈ ગઈ છે અને રાજ્યએ આર્થિક પ્રગતિમાં નવા માપદંડો સ્થાપિત કર્યા છે. એટલું જ નહીં, સપ્ટેમ્બરમાં પૂરા થયેલા બીજા ક્વાર્ટરમાં ભારતનો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) ગ્રોથ ૮.૨% નોંધાયો છે, જેમાં ગુજરાતનું મજબૂત પ્રદર્શન રહ્યું છે. ગુજરાતના આ સાતત્યપૂર્ણ પ્રદર્શનના કારણે જ તેણે ભારતની સૌથી મજબૂત અર્થવ્યવસ્થાઓમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે અને એટલે જ તેને ભારતનું ગ્રોથ એન્જિન કહેવાય છે.

તાજેતરના ડેટા અનુસાર ગુજરાતે છેલ્લા દાયકામાં અસાધારણ વૃદ્ધિ હાંસલ કરી છે. ૨૦૨૩-૨૪માં રૂ.૨૪.૬૨ લાખ કરોડના કુલ રાજ્ય ઘરેલુ ઉત્પાદન (GSDP) સાથે, ગુજરાત હવે મહારાષ્ટ્ર, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને કર્ણાટક પછી ભારતના ટોચના પાંચ સૌથી મોટા અર્થતંત્રોમાં સ્થાન ધરાવે છે.

ઉલ્લેખનીય છે કે, વૃદ્ધિને સચોટ રીતે સમજવા માટે લાંબા ગાળાના પ્રદર્શનને વાસ્તવિક દ્રષ્ટિએ એટલે કે કોન્સ્ટન્ટ પ્રાઈસિસ પર માપવામાં આવે છે. આ ફુગાવાની અસરને દૂર કરે છે અને ઉત્પાદન અને આર્થિક પ્રવૃત્તિમાં વાસ્તવિક વધારો દર્શાવે છે. તેના આધારે, ૨૦૧૨-૧૩થી ૨૦૨૩-૨૪ના સમયગાળા દરમ્યાન ગુજરાતે સરેરાશ ૮.૪૨% વૃદ્ધિ દર હાંસલ કર્યો છે, જે રૂ.૧૦ લાખ કરોડથી વધુની અર્થવ્યવસ્થા ધરાવતા તમામ મુખ્ય રાજ્યોમાં સૌથી વધુ છે. આ સાથે ગુજરાતે કર્ણાટક (૭.૬૯%) અને તમિલનાડુ (૬.૨૯%)ને પણ પાછળ છોડી દીધા છે. એવા સમયમાં જ્યારે મોટા અર્થતંત્રો સામાન્ય રીતે સ્ટ્રક્ચરલ સેચ્યુરેશનના કારણે ધીમા પડી જાય છે, પરંતુ ગુજરાત તેના મજબૂત ઔદ્યોગિક આધાર, રોકાણ-મૈત્રીપૂર્ણ વાતાવરણ, મજબૂત માળખાગત સુવિધાઓ અને કાર્યક્ષમ નીતિઓને કારણે ઝડપથી વિકાસ પામી રહ્યું છે. GSDના નવા આંકડાઓ એ સૂચવે છે કે, ગુજરાતની અર્થવ્યવસ્થા વિવિધ ક્ષેત્રોની મજબૂત કામગીરીના કારણે ઝડપથી બદલાઈ રહી છે. રાજ્યની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનું ૨૦૨૩-૨૪માં રૂ.૭.૪૩ લાખ કરોડનું યોગદાન રહ્યું, જે ગ્રોસ સ્ટેટ વેલ્યુ એડેડ (GSVA)નો લગભગ એક તૃતીયાંશ હિસ્સો ધરાવે છે. આ ઉપરાંત, કન્સ્ટ્રક્શન અને યુટિલિટી ક્ષેત્રનો ફાળો રૂ.૨.૩૧ લાખ કરોડ અને વેપાર, પરિવહન, નાણાંકીય સેવાઓ અને રિયલ એસ્ટેટ જેવા સેક્ટરનો ફાળો રૂ.૭.૮૧ લાખ કરોડ રહ્યો. તો કૃષિ, વન અને માછીમારી જેવા પરંપરાગત ક્ષેત્રોએ રૂ.૩.૬૯ લાખ કરોડનું યોગદાન આપીને રાજ્યનો સમાવેશી વિકાસ સુનિશ્ચિત કર્યો. એકંદરે, મૂળ કિંમતો પર ગુજરાતનું ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GSDP) ૨૦૧૧-૧૨માં રૂ.૬.૧૬ લાખ કરોડથી વધીને ૨૦૨૩-૨૪માં રૂ.૨૪.૬૨ લાખ કરોડ થયું, જે એક દાયકામાં લગભગ ચાર ગણો વધારો દર્શાવે છે. ગુજરાતે આર્થિક ક્ષેત્રે નવું સીમાચિહ્ન મેળવ્યું છે અને માથાદીઠ આવક પહેલી વાર રૂ.૩ લાખને પાર થઈ ગઈ છે. રૂ.૩,૦૦,૯૫૭ની માથાદીઠ આવક સાથે ગુજરાત ભારતના ટોચના પાંચ મોટા અર્થતંત્રો પૈકીનું એક બન્યું છે. આ આંકડો મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યો કરતાં વધુ છે, જે રાજ્યની ઉચ્ચ શ્રમ ઉત્પાદકતા અને વ્યાપક આર્થિક ભાગીદારી દર્શાવે છે.